# <u>પ્રકરણ-૧</u>

## <u>વ્યાખ્યાઓ</u>

માહિતીના અધિકાર અધિનિયમ-૨૦૦૫માં પ્રયોજવામાં આવેલ અગત્યના કેટલા શબ્દપ્રયોગની વ્યાખ્યાઓ

(ક) **<u>સમુચિત સરકાર</u>- એટલે**

(૧) કેન્દ્ર સરકાર અથવા સંઘ રાજય ક્ષેત્ર વહીવટ ધ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થાપાયેલ, રચાયેલ, માલિકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડરૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળસંબંધમાં, કેન્દ્ર સરકાર

(૨) રાજય સરકાર અથવા સંઘ રાજય ક્ષેત્ર વહીવટ ધ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થાપાયેલ, રચાયેલ, માલિકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડરૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળ સંબંધમાં, કેન્દ્ર સરકાર

(ચ) **<u>સક્ષમ સત્તાધિકારી</u>- એટલે**

(૧) લોકસભાના અથવા રાજય વિધાનસભાના અથવા એવી વિધાનસભાના અથવા એવી વિધાનસભા ધરાવતા સંઘ રાજયક્ષેત્રના કિસ્સામાં અધ્યક્ષ અને રાજયસભા અથજવા રાજય વિધાનપરિષદના કિસ્સામાં અધ્યક્ષ

(૨) ઉચ્ચત્તમ ન્યાયાલયના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

(૩) ઉચ્ચ ન્યાયાલયના કિસ્સામાં, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ

(૪) સંવિધાનથી અથવા તે હેઠળ સ્થપાયેલ અથવા રચાયેલ બીજા સત્તામંડળોના કિસ્સામાં, રાષ્ટ્રપતિ અથવા રાજયપાલ

(૫) સંવિધાનની કલમ-૨૩૯ હેઠળ નીમાયેલા વહીવટદાર

(છ) માહિતી એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઇ-મેઇલ, અભિપ્રાયો, સલાહ, અખબારીયાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમુના, મોડલ્સ, કોઇ ઇલેકટ્રોનિક સ્વરૂપમાં માહિતી સામગ્રી અને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ કોઇ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઇ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઇ પણ સ્વરૂપમાં કોઇ પણ સામગ્રી

(ઝ) <u>જાહેર સત્તામંડળ</u>-એટલે

(ક) સંવિધાનથી અથવા તે હેઠળ

(ખ) સંસદે કરેલા કોઇ બીજા કાયદાથી

(ગ) રાજય વિધાનમંડળે કરેલા બીજા કોઇ કાયદાથી

(ઘ) સમુચિત સરકારે બહાર પાડેલા કોઇ જાહેરનામાથી અથવા કરેલા કોઇ હુકમથી, સ્થાપેલ અથવા રચેલ કોઇ સત્તામંડળ અથવા મંડળ અથવા સ્વરાજયની સંસ્થા અને તેમાં સમુચિત સરકાર પૂરા પાડેલ ફંડથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે

(૧) માલિકીના નિયંત્રણ અથવા મોટા પાયે ધિરાણ મેળવેલ મંડળ

(૨) મોટા પાયે ધિરાણ મેળવતા બિનસરકારી સંગઠનનો પણ સમાવેશ થાય છે.

(ટ) રેકર્ડમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) કોઇ દસ્તાવેજ, હસ્તપ્રત અથવા ફાઇલ

(ખ) કોઇ દસ્તાવેજની માઇક્રોફીલ્મ, માઇક્રોફીશ અથવા ફેસીમાઇલ નકલ

(ગ) આવી માઇક્રોફીલ્મમાં સમાવિષ્ટ પ્રતિકૃતિ અથવા પ્રતિકૃતિઓની (મોટી કરેલ હોય કે ન હોય તો પણ) કોઇ નકલ અને

(ઘ) કોમ્પ્યુટર અથવા બીજા કોઇ સાધનથી રજુ કરેલી કોઇ સામગ્રી

(ઠ) માહિતીનો અધિકાર એટલે આ અધિનિયમ હેઠળ કોઇ જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની માહિતી મેળવવાનો અધિકાર અને તેમાં

(૧) કેન્દ્ર સરકાર અથવા સંઘ રાજય ક્ષેત્ર વહીવટ ધ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલિકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડરૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળ સંબંધમાં, કેન્દ્ર સરકાર

(૨) દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ, ઉતારા અથવા પ્રમાણિત નકલો લેવાના

(૩) સામગ્રીના પ્રમાણિત પુરાવા લેવાના

(૪) ડીસ્ક સેટ, ફલોપી, ટેપલ વિડીયો કેસેટના સ્વરૂપમાં અથવા બીજા કોઇ ઇલેકટ્રીક પદ્ધતિ અથવા જયારે આવી માહિતી કોઇ કોમ્પ્યુટરમાં અથવા બીજા કોઇ સાધનમાં સંગ્રહિત હોય ત્યારે પ્રિન્ટ આઉટની મારફતે મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે.

(ડ) રાજય માહિતીપંચ એટલે કલમ-૧૫ની પેટાકલમ (૧) હેઠળ રચાયેલું રાજય માહિતીપંચ

(ઢ) રાજયના મુખ્ય માહિતી કમિશનર અને રાજયના માહિતી કમિશનર એટલે કલમ-૧૫ની પેટાકલમ (૩) હેઠળ નિમાયેલ રાજયના મુખ્ય માહિતી કમિશ્નર અને રાજયના માહિતી કમિશ્નર

(ત) રાજયના જાહેર માહિતી અધિકારી એટલે કલમ-૫ની પેટાકલમ (૧) હેઠળ મુકરર કરેલ રાજયના જાહેર માહિતી અધિકારી અને તેમાં પેટાકલમ (૨) હેઠળ એવા રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીનો પણ સમાવેશ થાય છે.

(થ) ત્રાહિત પક્ષકાર એટલે માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઇ વ્યકિત અને તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે.